## ચૂંટણી ચોતરેથી

● સૂરતમાં કોંગ્રેસ દ્વારા જીએસટીના વિરોધમાં શોલેના ગબ્બરસિંહ અને ઠાકુરના પાત્રો સાથે રેલી યોજાઈ.

● આજે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જામનગરના ઢેબા ગામ ખાતે જાહેરસભા યોજશે.

● વડોદરા શહેરની વાડી વિસ્તારની બેઠક પર એનસીપીના ઉમેદવાર પ્રભુ સોલંકીનું ઉમેદવારીપત્રક ચકાસણી દરમિયાન રદ થયું.

● દાંતામાં ભાજપના ઉમેદવાર માલજીભાઈ કોદરવીના ઉમેદવારીપત્ર સામે કોંગ્રેસના ઉમેદવારે વાંધા અરજી આપી હતી.

● દિયોદરના ઉમેદવાર અને આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની બોગસ ડિગ્રી મામલે કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેને વાંધા અરજી આપી.

● પોરબંદરમાં રાહુલની રેલીમાં હાજરી આપવા બદલ સસ્પેન્ડ કરાયેલ ભરત મોદીનું સસ્પેન્શન રદ કરાયું.

● ગઢડા ખાતે યોજાનાર જીજ્ઞેશ મેવાણી અને હાર્દિક પટેલની સભા મોકુફ રખાઈ.

● હિંમતનગર તાલુકા પંચાયતના પ્રમુખ સામે અવિશ્વાસનો ઠરાવ કરાયો છે.

● સૂરત પાસના કન્વીનર નીખીલ સવાણીને જાનથી મારી નાંખવાની ધમકી મળી.

● ગોંડલ કોંગ્રેસના ઉમેદવારે ડીએસપીને અરજી કરી ગુજરાતમાંથી તડીપાર જયરાજસિંહ ગોંડલ આવતા હોવાના પુરાવા સાથે અરજી કરી.

● જો ભાજપને ૧૫૦ બેઠકો આવશે તો હું સન્યાસ લઈ લઈશ એમ ઠાકોર સેનાના સુપ્રિમો અલ્પેશ ઠાકોરે કહ્યું હતું.

● રાજકોટ સટ્ટા બજારમાં ચૂંટણી પર સટ્ટો લેવાની શરૂઆત થઈ હતી. જેમાં ભાજપની ૮૦ બેઠક પર ૧૪ પૈસા, ૯૦ પર ૨૪ પૈસા અને ૧૦૦ બેઠકો પર ૪૭ પૈસાનો ભાવ ખુલ્યો હતો. આજ સુધી ૩૦૦ કરોડનો સટ્ટો રમાયો છે.

## હાર્દિક પટેલનો દાવો કોંગ્રેસને આ ચૂંટણીમાં મળશે ૧૦૦ સીટો

પાટીદાર નેતા હાર્દિક પટેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા મીડિયા ચેનલ એબીપીના ગુજરાત શિખર સંમેલનમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે આ વખતની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને માંડ ૭૦ ટકા જ સીટો મળશે જ્યારે કોંગ્રેસને ૧૦૦ વધુ સીટો મળવાની સંભાવના છે. સાથે જ હાર્દિક પટેલ કહ્યું કે તેમને નરેન્દ્ર મોદી જેવા વડાપ્રધાન આ દેશમાં તે વાતથી તેમને ઘ્રૂણા છે. વધુમાં આ ચર્ચામાં જ્યારે એક પ્રશ્નમાં પુછવામાં આવ્યું કે જે લોકો કેરળમાં ગાયની હત્યા કરે છે તેવી પાર્ટી પર કેવી રીતે વિશ્વાસ કરવો.



મહાસભા : ઉત્તર ગુજરાતમાં ચૂંટણી પ્રચારનો ધમાકેદાર આરંભ થયો છે. મહેસાણામાં નીતીનભાઈની કે વાવમાં શંકરભાઈ ચૌધરીના સભાઓની જંગી મેદનીની તસવીરમાં કંડાર્યા પછી ફરી વાવની ગેનીબેન ઠાકોરની જાહેરસભા પણ એવી જ તાસીર લઈને કેમેરે કેદ થઈ છે. લાગે છે કે જંગ ખરાખરીનો જામશે.

# સ્ટાર પ્રચારકોમાંથી ભાજપના સંસ્થાપક એવા અડવાણીની બાદબાકી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપના સ્ટાર પ્રચારકો સહિત ટોચના ૧૦૦થી વધુ નેતાઓ દ્વારા રવિવારે પીએમ મોદીની 'મન કી બાત ચાય કે સાથ' સાંભળવામાં આવી હતી. પરંતુ આ સમગ્ર કાર્યક્રમમાં ભાજપના પાયાના પથ્થર સમાન એવા પૂર્વ નાયબ વડાપ્રધાન અને ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણીની ગેરહાજરી ઉડીને આંખે વળગી હતી.

જેના કારણે હવે એવું ચર્ચાઈ રહ્યું છે કે સાંસદ લાલકૃષ્ણ અડવાણીની આગામી દિવસોમાં ભાજપમાંથી બાદબાકી થાય તેવી સંભાવના છે. જેના કારણે તેની



તૈયારી અત્યારથી કરી કરી દેવામાં આવી હોવાનું મનાય રહ્યું છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે ગણતરી દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા સ્ટાર પ્રચારકોની ફોજ ગુજરાતમાં ઉતારી દેવામાં આવી છે.

ભાજપના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરવામાં આવી છે તેમાં પીએમ નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તેમજ પક્ષના નેતાઓ અને કેન્દ્ર સરકારના મંત્રીઓ સહિતનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ સ્ટાર પ્રચારકોમાંથી ભાજપના સંસ્થાપકો પૈકીના એક એવા પૂર્વ ડેપ્યુટી પીએમ અને ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણીની બાદબાકી કરવામાં આવેલી છે.

જે બાબત ગત રવિવારે પીએમ નરેન્દ્ર મોદીની 'મન કી બાત ચાય કે સાથ' કાર્યક્રમમાં રાજ્યની તમામ ૧૮૨ બેઠકો ઉપર ઉપસ્થિત રહેલા મહત્વના ૧૮૨ નેતાઓમાં પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણી ક્યાંય જોવા મળ્યા હતા. જેની પક્ષના અનેક જૂના કાર્યકરો અને સોશિયલ મીડિયામાં તેની નોંધ લેવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંદર્ભે હાલ લગભગ કેન્દ્રની ભાજપ સરકારનું સમગ્ર મંત્રી મંડળે ગુજરાતમાં ધામા નાખ્યા છે. ભાજપ દ્વારા દેશભરમાં સત્તા માટેનો અશ્વમેઘ યજ્ઞ ચાલી રહ્યો છે. ત્યારે ભાજપના સ્થાપક અને તેના પિતામહ ગણાતા અડવાણી હાલ પક્ષમાં છે પરંતુ ઉપસ્થિત ન હોય તેવી પરિસ્થિતિ છે. એક સમય એવો હતો કે એલ. કે. અડવાણી અમદાવાદ, ગાંધીનગર સહિત સંખ્યાબંધ વિસ્તારમાં ચૂંટણી પૂર્વે નાની-મોટી સભાઓ કરતા હતા અને તેમને સાંભળવા સામેથી જંગી મેદની ઉમટતી હતી.

# ગુજરાતની ચૂંટણીમાં બાપુ અને બેનની વિદાય સૌને રહેશે યાદ !

આ વખતની ગુજરાત વિધાનસભા ચૂંટણી અનેક રીતે ખાસ બની છે. ૧૯ વર્ષથી ગુજરાતના





મુખ્યમંત્રી એવા નરેન્દ્ર મોદી હાલ દેશના વડાપ્રધાન છે અને આ વખતે રાજ્યમાં કોંગ્રેસ પણ ખૂબ સક્રિય રીતે ચૂંટણી પ્રચાર કરી રહી છે. આ બંને પક્ષોના એક-એક ધૂરંધર નેતાએ ચૂંટણી પહેલા વિદાય લીધી છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આ વખતે ચૂંટણી લડવાના નથી. તેમની આ જાહેરાતથી ઘણાને આશ્ચર્ય થયું હતું. તો બીજા એવા ધૂરંધર નેતા છે શંકરસિંહ વાઘેલા. રાજ્યસભાની ચૂંટણી પહેલાં જ તેમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને ત્યાર બાદ પોતાના અલગ પક્ષની સ્થાપના કરી હતી.

પહેલા વાત કરીએ આનંદીબેન પટેલની. તેઓ ભાજપના સૌથી પ્રમુખ મહિલા નેતા રહ્યા છે અને નરેન્દ્ર મોદીના અત્યંત વિશ્વાસુ ગણાય છે. તેઓ પટેલ સમાજનું પ્રતિનિધિત્વ પણ કરતા હતા. નરેન્દ્ર મોદી જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે સૌને એ જાણવાની ઉત્સુકતા હતી કે, ગુજરાતમાં તેમની ગાદીએ કોણ બેસશે. આ માટે ભાજપના તમામ નેતાઓમાં આનંદીબેન પટેલ પર પસંદગી ઉતારવામાં આવી હતી. તેઓ ગુજરાતના પહેલા મહિલા મુખ્યમંત્રી હતા. મુખ્યમંત્રી પદ તેમના રાજકારણીય સફરનો હાઈ પોઈન્ટ રહ્યો છે અને એનું પરિણામ કોઈને યાદ અપાવવાની જરૂર નથી.

હાલની રાજ્યની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ભાજપના વિજય રથના રસ્તે અડચણો ઊભી કરનાર સૌથી મોટું પરિબળ છે પાટદીર અનામત આંદોલન. પાટીદાર અનામત આંદોલન દેશમાં પણ ચર્ચાનો વિષય બન્યુંછે અને પાટીદારોના રોષની કિંમત ભાજપે ક્યાંક ને ક્યાં ભોગવી છે. આ ગુસ્સાનો જુવાળ પ્રગટ્યો હતો આનંદીબેનના કાર્યકાળમાં જ. એ પછી આનંદીબેન પટેલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. તેમણે ફેસબૂક પોસ્ટ દ્વારા રાજીનામાની જાહેરાત કરી હતી અને આ માટે પોતાની ઉંમરને કારણ તરીકે આગળ ધરી હતી. એ પછી તેમણે ચૂંટણી ન લડવાનો નિર્ણય જાહેર કર્યો હતો અને અનેક મનામણાં છતાં પણ પોતાના નિર્ણય પર અડગ રહ્યા હતા. ભાજપ દ્વારા આખરે સોમવારે આનંદીબેન પટેલની બેઠક ઘટલોડિયા પરથી એમના જ વિશ્વાસુ ભૂપેન્દ્ર પટેલને ટિકિટ આપવામાં આવી છે.

કોંગ્રેસમાંથી શંકરસિંહ વાઘેલાની વિદાય પણ સૌને યાદ રહેશે. શંકરસિંહ વાઘેલા અને ભરતસિંહ સોલંકી વચ્ચેના મતભેદો, રાહુલ ગાંધી સાથે બાપુની મુલાકાત અને આતંરિક વિખવાદ કેટલાયે સમયથી ચર્ચામાં હતા. શંકરસિંહ





વાઘેલા ઈચ્છતા હતા કે કોંગ્રેસ એમના નેતૃત્વમાં ચૂંટણી લડે, પરંતુ હાઈકમાન્ડને આ મંજૂર નહોતું. આથી રાજ્યસભાની ચૂંટણી સમયે તેમણે કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. તેઓ ૪૦ વર્ષથી વધુ સમયથી સક્રિય રાજકારણમાં છે અને એક કદાવર નેતા છે. તેમણે ભાજપમાંથી રાજકારણીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને પછી ભાજપ સામે જ ઝીંક ઝીલી કોંગ્રેસમાંથી રાજ્યના મુખ્યમંત્રી પણ બન્યા હતા. આથી બાપુ જ્યારે કોંગ્રેસથી છૂટા પડ્યા ત્યારે ભાજપના નેતાઓએ કહ્યું હતું કે, આ કોંગ્રેસની ભૂલ છે તથા એક વરિષ્ઠ નેતાનું અપમાન છે. કોંગ્રેસમાંથી બાપુ છૂટા પડ્યા ત્યારે તેઓ ભાજપમાં જોડાવાના હોવાની વાતો પણ વહેતી થઈ હતી, અધિકૃત રીતે રાજીનામું સોંપ્યા બાદ તેમણે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે મુલાકાત પણ કરી હતી. એ સમયે જ તેમણે સ્પષ્ટ કરી દીધું હતું કે, આ મુલાકાત રાજકીય નહોતી અને તેઓ ભાજપમાં નહીં જોડાય. બાપુ પોતાના શબ્દો પર કાયમ રહ્યા અને તેમણે જન વિકલ્પ નામના નવા પક્ષની સ્થાપના કરી.

# ભાજપ-કોંગ્રેસમાં પક્ષ પલટુઓની ભરમાર

**ટીકીટની ખેંચતાણમાં ધાર્યુ ન થતાં જ પક્ષપલટો, પોતાની ધાક સાબિત કરવા કટ્ટર હરીફ બે પક્ષોનો જ ઉપયોગ, પ્રજાના વિશ્વાસની ઉપેક્ષા**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અંગેની ટીકીટ વહેંચણીમાં મુખ્ય બે પક્ષો ભાજપ અને કોંગ્રેસના કેટલાક ટીકીટ ઈચ્છુકોને ટીકીટ ન મળતા પક્ષ પલટો કરી રહ્યા છે. ચૂંટણીમાં પક્ષ દ્વારા પોતાને ટીકીટ ન આપી ઉપેક્ષા કરી હોય તેવી લાગણી ઉભી કરી તાત્તાલીક કટ્ટર હરીફ સાચા પક્ષમાં ભળી જઈ પોતાની ધાક સાબિત કરવાના પ્રયાસો શરૂ થઈ જાય છે. ચાલી રહેલી આ પક્ષાંતર પ્રવૃત્તિથી પ્રજામાં ભારે આઘાતની લાગણી ઉભી થઈ છે. તેમજ પ્રજાએ મુકેલા વિશ્વાસ સાથે દગો થયો હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે.

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસમાં ટીકીટ પહેંચણી મુદ્દે ભારે અફરાતફરી સર્જાઈ હતી. જેમાં છેલ્લા દિવસ સુધી પક્ષોએ ગુપ્તતા જાળવી પક્ષમાં બળવો ન થાય તેની તકેદારી રાખી હતી. પરંતુ આ ટીકીટ વહેંચણીમાં પોતાનું ધાર્યુ ન થતાં અને ટીકીટ ન મળતાં કેટલાક નારાજ કીટીક ઈચ્છુકોએ તત્કાલ પક્ષ પલટો કરી સાચા પક્ષમાં સામેલ થઈ ગયા છે. પક્ષ પલટો કરી ટીકીટ ન આપનાર પક્ષને પોતાની તાકાત બતાવી હરાવી દેવા સુધીની ચિમકીઓ પણ અપાઈ રહી છે. જો કે કટ્ટર હરીફ આ બંને પક્ષોની જુની હરીફાઈને ધ્યાને રાખી આવા પક્ષ પલટુઓ તેનો લાભ ઉઠાવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. જેમાં પક્ષ પલટુઓને સમાવતી પાર્ટીની પણ ઈમેજ પ્રજામાં ખરડાઈ રહી હોવાની ચર્ચા થઈ રહી છે.

# આજથી રાહુલ ગાંધી બે દિવસ ગુજરાતના પ્રવાસે

ગુજરાત વિધાસભા ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહેતાં ચૂંટણીપ્રચાર પૂરજોશમાં છે. કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ફરી એક વખત દિવસ દરમ્યાન રાહુલ ગાંધી ગીર સોમનાથ, અમરેલી, બોટાદ અને ભાવનગર એમ ચાર જિલ્લાની મુલાકાત કરશે. જેમાં તેઓ રોડ-શો,



ચૂંટણીસભા ગજવવા ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. મહત્વનું છે કે, રાહુલ ગાંધી આ અગાઉ ગુજરાત મુલાકાત લઈ ચૂક્યા છે અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહાર કર્યા હતા.

રાહુલ ગાંધી ફરી એક વખત ચૂંટણી સભાઓ ગજવવા ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્રમાં મતદાન થવાનુ છે. ૨૯ નવેમ્બરે રાહુલ ગાંધી દીવ એરપોર્ટ પર ઉતરશે અને તેઓ સોમનાથ દાદાના દર્શનથી પોતાના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે. બે અભિવાદન મુલાકાત અને સભાઓ દ્વારા કોંગ્રેસ માટે ચૂંટણી પ્રચાર કરશે.

રાહુલ ગાંધી સોમનાથ દાદાના દર્શન કરી પોતાના ચૂંટણીપ્રચારના શ્રીગણેશ કરી તલાલાની મુલાકાત લેશે. તલાલાથી વિસાવદરમાં રોડ શો કરશે.

૩૦ નવેમ્બરે લાઠીમાં રાહુલ ગાંધી સભા યોજશે. તો ઢસામાં અભિવાદન કાર્યક્રમ યોજાશે. તેઓ ગઢડામાં મંદિરની મુલાકાત લેશે અને બોટાદમાં સભા સંબોધશે. જ્યારે બરવાળા અને વલ્લભીપુરમાં અભિવાદન કાર્યક્રમ યોજાશે. તો ભાવનગરમાં સભાને સંબોધન કરશે.

## શંકર ચૌધરીની ડીગ્રી પ્રશ્ને હવે પંચમાં ફરિયાદ

અમદાવાદ, તા. ૨૮

રાજયમાં વિધાનસભાની આગામી માસમા યોજાનારી સામાન્ય ચૂંટણીને લઈને માહોલ ગરમાયો છે આ પરિસ્થિતિમાં વાવ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન દ્વારા ભાજપના વાવ બેઠકના ઉમેદવાર અને આરોગ્ય મંત્રી શંકર ચૌધરીની બોગસ ડીગ્રી મામલે ચૂંટણીપંચને પત્ર લખી ફોર્મ રદ કરવા માંગણી કરતા શંકર ચૌધરીની ડીગ્રીનો મામલો ફરી એક વખત ગરમાયો છે. જો કે આ મુદ્દો હાલ કોર્ટમાં હોઈ ચૂંટણીપંચ દ્વારા કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેનની રજુઆતને ધ્યાનમાં લેવામા આવી ન હતી.

# વિપક્ષ મુક્ત શાસન જોખમી બનશેઃ ગુજરાતમાં BJP આવે કે કોંગ્રેસ, વિપક્ષ સ્ટ્રોંગ હોવો જોઈએ

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે- 'ભારત દેશની લોકશાહીમાં મજબૂત સરકારની સાથે મજબૂત

### શંકરસિંહ વાઘેલાએ ગુજરાત કોંગ્રેસની બેઠકો પાલમિેન્ટ સમકક્ષ બનાવી દીધી છે

વિરોધપક્ષ હોવો જરૂરી છે કે જેથી સરકાર કંઈ ખોટું કરતી હોય તો તેને ટોકી શકે છે.' આજે સ્થિતિ એ છે કે વિપક્ષ એટલી ઓછી સંખ્યામાં છે કે નિયમ પ્રમાણે તેમને લોકસભામાં વિરોધપક્ષના નેતાનું પદ પ્રાપ્ય નથી. લોકશાહીની પારદર્શિતા માટે વિપક્ષનું સ્થાન સરકારની બરોબર હોવું જોઈએ. સત્તાના મદમાં કોઈપણ સરકાર બહુમતિના જોરે એવા કાયદા પણ પસાર ન કરી શકે જે સામાન્ય જનતાને કનડતા હોય.

સામાન્ય ચૂંટણીમાં જે પક્ષ સ્પષ્ટ બહુમતિ મેળવે કે સરકારની રચના કરે છે અને જ્યારે તેનાથી ઓછા મત મળ્યા હોય તે પાર્ટી વિપક્ષના સ્થાને બેસે છે. આપણાં ગુજરાતમાં વિપક્ષના સ્થાનને કેબિનેટ મંત્રીનો દરજ્જો આપવામાં આવેલો છે. શાસક પક્ષ અને વિપક્ષ એ લોકશાહી રથના બે પૈડાં છે. આ બન્ને પૈડાંની આવશ્યકતા છે. બે પૈડાં સારા હોય તો રથ સારી રીતે ચાલી શકે, જેમ લોકશાહીમાં બન્ને પક્ષ પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરે તો લોકશાહીનો રથ સારી રીતે ચાલી શકશે.

રાજ્યસભાની ચૂંટણી પછી કોંગ્રેસ માટે એક યોગાનુયોગ થયો છે. લોકસભામાં કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૪૪ છે અને ગુજરાતમાં પણ ધારાસભ્યોની સંખ્યા ૪૪ થઈ છે. બળવાખોર સિનિયર લિડર શંકરસિંહ વાઘેલા સાથે કોંગ્રેસના ૧૩ ધારાસભ્યો બાગી નિકળ્યા છે જેમણે પહેલાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અને પછી રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ વોટીંગ કર્યું છે. ભાજપના એક નેતા કહે છે કે થેન્ક્સ ટુ શંકરસિંહ કે જેમણે લોકસભા અને વિધાનસભામાં કોંગ્રેસના સભ્યોનું બેલેન્સ કર્યું છે.





ગુજરાતની રાજ્યસભાની ચૂંટણી એક મોટો તમાશો બની ગઈ હતી. માત્ર ગુજરાત જ નહીં આખા દેશે તેની નોંધ લીધી છે. ધારાસભ્યોનું ખરીદ-વેચાણ થાય તે પહેલાં ગદ્દાર સભ્યને રાઈટ ટુ રિકોલ જેવો કાયદો બનાવીને મતદારોએ પાછો બોલાવીને તેને મળેલા તમામ હક્ક છીનવી લેવા જોઈએ. જે પાર્ટીમાંથી ચૂંટાયેલો સભ્ય હોય તે પાર્ટીને તે સભ્ય વફાદાર ન રહે તો તેને બીજી પાર્ટીમાં જઈને સત્તા ચાલુ રાખવાનો કોઈ અધિકાર નથી. પ્રજાએ તેને રૂપિયા ભેગા કરવા મોકલ્યો નથી. એક સિનિયર નેતાનું કહેવું છે કે અપક્ષ ઉમેદવારને મત આપતાં પહેલાં મતદારોએ ૧૦૦ વાર વિચારવું

### સાચી લોકશાહી શાસક અને વિપક્ષમાં હોય છે, સરકાર ખોટું કરતાં અચકાય છે

જોઈએ, કારણ કે સૌથી વધુ અપક્ષો જ લાલચમાં લપસી પડે છે.

લોકસભામાં નિયમ એવો છે કે કુલ બેઠકોના ૧૦ ટકા બેઠકો ધરાવતા પક્ષને વિપક્ષનો હોદ્દો મળે છે પરંતુ લોકસભા ૨૦૧૪ની ચૂંટણી પછી કોંગ્રેસને માત્ર ૪૪ બેઠકો મળી છે તેથી તેને વિપક્ષનો હોદ્દો મળી શકતો નથી. ગુજરાત વિધાનસભાની વાત કરીએ તો કોંગ્રેસ પાસે ૫૭ સભ્યોની સંખ્યા હતી તેથી તેમને વિપક્ષનો હોદ્દો મળ્યો છે. જો કે વિધાનસભામાં એવો કોઈ નિયમ નથી પરંતુ પૂરતું સંખ્યાબળ હોય તો વિપક્ષનું સ્થાન વિધાનસભા ગૃહમાં દિપી ઉઠે છે. એવી જ રીતે વિધાનસભાના અધ્યક્ષ શાસક પક્ષના હોય છે અને ઉપાધ્યક્ષ વિપક્ષના હોય છે પરંતુ ગુજરાતમાં આ પરંપરાનો ભંગ કરવામાં આવેલો છે અને બન્ને સર્વોચ્ચ પદ શાસક પક્ષ પાસે છે.

### સભ્યોનું ખરીદ-વેચાણ ત્યારે જ થાય છે કે જ્યારે સત્તા માટે પનો ટૂંકો પડતો હોય

ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જો ૧૫૦ કરતાં વધુ બેઠક મળે તો વિપક્ષ નામશેષ થઈ જશે. સત્તાના મદમાં સરકાર છકી જશે એટલે કોંગ્રેસે આ તબક્કે વધારે મહેનત કરવી પડશે. રાજકીય તજજ્ઞો ગુજરાતની સ્થિતિ અંગે કહે છે કે વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી ૮૦થી વધુ બેઠકો વિપક્ષને ફાળે જવી જોઈએ, તો જ સાચી લોકશાહીના દર્શન થશે. સરકારને ડગલે ને પગલે વિપક્ષનો ડર હોવો જોઈએ. એક મજબૂત વિપક્ષના કારણ જ સરકાર સરળ ચાલી શકે છે.

ધારાસભ્ય કે સંસદસભ્યનું ખરીદ-વેચાણ કેમ થાય છે તેની પાછળનું કારણ ઓછી બેઠકો છે. સત્તામાં આવી ન શકાય તેટલી બેઠકો આવે અને સરકાર રચવી હોય તો અન્ય પક્ષ કે અપક્ષોનો ટેકો લેવો પડતો હોય છે જે છેવટે ઘાતક પૂરવાર થાય છે. ગુજરાતની જનતાને ૨૦૧૭માં ભલે ભાજપ સત્તા પર આવે તેમાં રસ હોય પરંતુ ભાજપને એટલી બધી પણ બેઠકો ન મળવી જોઈએ કે સત્તાધારી પક્ષ વિપક્ષની ગેરહાજરીમાં છકી ન જાય, નહીં તો સામાન્ય જનતા અને મતદારોનું જ અહિત થશે. લોકશાહીમાં વિપક્ષના સ્થાનને પવિત્ર ગણીને તેનું જતન કરવું જોઈએ.